હાદી

માસિક

બાળકો અને નવયુવાનો માટે

રબીઉસ્સાની, હીજરી સન ૧૪૩૨,
માર્ચ - ૨૦૧૧

રૂ. 30/-

અલ્લાહના નેક નામો

અલ-હકમો

ખુદાવન્દે આલમના મહાન ગુણોમાંથી એક ગુણ - વિશેષણ કે જે નામ તરીકે પણ ગણાય છે તે અલ હકમો છે.

અગત્યના અર્થ :

(૧) સર્વ સત્તાધીશ (૨) કાયદાનો અમલ કરાવનાર
(૩) એવો ચુકાદો આપનાર કે જેને તરફેણ અથવા વિરૂધ્ધમાં ચુકાદો આપવાની પૂરેપૂરી સત્તા હોય.

આ નામનો કુરઆનમાં ઉલ્લેખ :

"કુલ ઈન્ની અલા બય્યેનતિમ....."

(હે રસૂલ) તમે કહી દો કે નિસંશય હું મારા પરવરદિગાર તરફથી સ્પષ્ટ અને પ્રકાશિત દલીલ ધરાવું છું અને તમે તેને ઝુઠલાવો છો અને તેનો સ્વીકાર કર્યો નથી. એ વસ્તુ (અઝાબ) કે જેની તમને ઉતાવળ છે તે મારા અધિકારમાં નથી. આજ્ઞા (આપવાનો) અને આદેશ (બહાર પાડવા)નો અધિકાર માત્ર અલ્લાહને છે. તે સત્ય જ વર્ણવે છે અને એજ સૌથી શ્રેષ્ઠ ફેંસલો કરનારો છે. (સૂરએ-અન્આમ-આયત ૫૭)

E-mail : hadimasik@yahoo.com

માઅસૂમીન અ.સ.ની વાણી

"વ અલિમ્તો યકીનન ગયરાઝી શકકે ઈન્નકા....."

અર્થાત્ : અને હું સંપૂર્ણ શ્રધ્ધા અને લેશમાત્ર પણ સંશય વગર જાણું છું કે (મારી પાકી માન્યતા છે કે) તું મોટી બાબતો અંગે મારી પાસેથી તેનો હિસાબ લેશે જ અને નિસંશય તું ન્યાયપૂર્ણ રીતે ફેંસલો કરનાર છે, જે અત્યાચાર નથી કરતો.

ખાસિયતો અને ફાયદાઓ :

(૧) જુમ્આની રાત્રે "યા હકમો" નો વિર્દ વધારે કરનાર વ્યક્તિ પર અંતઃકરણના દ્વાર ઉઘડી જાય છે અને ઈલાહી રહસ્યોથી જાણકાર થઈ જાય છે.

(૨) "યા હકમો" ને પોતાનો વિર્દ બનાવી લેનાર વ્યક્તિનું જીવન સંતોષ સાથે અને શાંતિપૂર્ણ રીતે પસાર થશે.

(૩) "યા હકમો" ને પોતાનો વિર્દ બનાવી લેનાર વ્યક્તિ કદી કોઈનો ઓશિયાળો (મોહતાજ) થતો નથી.

(૪) રાત્રીના સમયે ૬૮ વખત "યા હકમો"નો વિર્દ કરવાથી મામલાઓ (મુશ્કેલ પરિસ્થિતિ) સરળ થઈ જાય છે.

(૫) દુઆ કબૂલ થવા માટે રાત્રીના સમયે ૨૨૯ વખત "યા અહકમુલ હાકેમીન" નો વિર્દ કરવો લાભદાયક છે.

રબીઉસ્સાની, હીજરી સન ૧૪૩૨,
માર્ચ - ૨૦૧૧

બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો ! અસ્સલામો અલયકુમ !

રબીઉસ્સાનીનો માસ પોતાના ખોળામાં આપણાં માટે એક ખુશાલીનો પ્રસંગ લઈને આવે છે. આ માસમાં ઈમામત અને વિલાદતના સિલસિલાની અગ્યારમી કડીએ આ જગતમાં આવીને સમગ્ર જગતને પોતાના દિવ્ય પ્રકાશથી પ્રકાશિત કરી દીધો છે. ઈમામતના આકાશના આ અગ્યારમાં ચંદ્રમાની વિલાદતે – બા–સઆદતના પ્રસંગે અમે આપણાં ઈમામે ઝમાના અજ.ની સેવામાં મુબારકબાદી પેશ કરીએ છીએ અને તમારા સૌની સેવામાં પણ આ મુબારકબાદી પાઠવવાનો શરફ હાસલ કરી રહ્યાં છીએ. વહાલા બાળકો ! ઈમામ અ.સ.એ આપણને પોતાનું જીવન કેવી રીતે વિતાવવું જોઈએ તેનો બોધ પોતાના એ કર્મ વડે આપ્યો છે કે એક દિવસ બધાં બાળકો રમત ગમતમાં પરોવાએલા હતાં અને આપ ત્યાં એક બાજુએ ઊભા રહીને વિચારમગ્ન હતાં. જનાબ બહલૂલ ત્યાંથી પસાર થયાં તો આ જોઈને પુછ્યું: આ બધાં રમતગમતમાં મશગૂલ છે અને આપ ત્યાં એકલા ઉભા છો ? આપે ફરમાવ્યું: અમારા સર્જનનું કારણ રમત ગમત નથી પરંતુ જ્ઞાન અને વિદ્યાની પ્રાપ્તિ જ આપના જીવનનું મુખ્ય લક્ષ્ય છે.

બાળકો ! તેથી આપણે પણ પોતાના ઈમામના પગલે ચાલીને તેમના કાર્યોનું અનુકરણ – અનુસરણ કરીને પોતાને આપના સાચા મિત્રો – અનુયાયીઓ હોવાની સાબિતી આપવી જોઈએ.

વાર્ષિક પરીક્ષાઓ તદ્દન માથે આવી ગઈ છે. આપણે પોતાની એક વરસની મહેનતને બધાંની સામે – ખાસ કરીને પોતાના વડીલો સમક્ષ રજુ કરવાની આ તક જતી કરવી જોઈએ નહીં અને માટે ઘણી જ સખ્ત મહેનત કરવી જોઈએ જેથી કરીને આપણાં વડીલો કે જેઓ આપણાં ભવિષ્યની ચિંતામાં હંમેશા ચિંતિત રહે છે તેઓને ગર્વથી પોતાના માથા ઉચકીને ચાલવાની તક મળે અને તેમના હૃદયમાં જે આશાઓ અને આકાંક્ષાઓ છે તે પૂર્ણ થાય. એ તો સ્પષ્ટ છે કે દરેકને પોતાની મહેનતનું ફળ તો મળે જ છે.

અલ્લાહનું હૃદયપૂર્વક ધ્યાન ધરીને મહેનત કરશો તો ઈન્શાઅલ્લાહ સફળતા તમારા કદમોમાં હશે.

અમે દુઆ ગુજારીએ છીએ કે તમે સફળતા પ્રાપ્ત કરો...

વસ્સલામ

વાર્ષિક લવાજમ રૂા.૩૦૦/-

بسم الله الرحمن الرحيم

ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી

સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક–પ્રખર વિદ્વાન–કૌમના સંનિષ્ઠ સેવક :

આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા

મુર્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :

સૈયદ મોહમ્મદ રઝા ગરવી

કાર્યવાહક તંત્રી :

સૈયદ મોહમ્મદ અખ્તર

સહાયકો :

અહમદ રઝા ઝુરારહ
તાલીમરઝા અજમેરી
એહસાનઅલી રીઝવી

અનુવાદક :

સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી

આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન :

(Skype Graphics) સાજીદ પંજ
9898013082
E-mail : sajidpanj@yahoo.in

વિગતો માટે સંપર્ક :

યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :

અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા

Mukhtar Abbas Vasaya

91, Longthrnton Road, LONDON, SW 16 5QF
Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746
E-mail : movasaya@hotmail.com

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :

હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)

ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦
ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫
E-mail : hadimasik@yahoo.com
Website : www.hadikids.org

ખુદા મારી સાથે છે

સહલ શુસ્તરી જે આધ્યાત્મિક જ્ઞાન ધરાવનાર મહાન વિદ્વાનો પૈકી એક હતા તેઓ લખે છે કે જ્યારે મારૂં બાળપણ હતું અને મારી વય ત્રણ વરસની હતી ત્યારે હું રાત્રે સુઈ જતો ત્યારે જોતો હતો કે અડધી રાત થયા પછી મારા પિતાજી ઉઠી જતા હતા અને નમાઝે શબમાં પરોવાઈ જતા હતા. હું તેમને જોતો હતો. એક દિવસ તેમણે મને કહ્યું "હે સુપુત્ર ! જે ખુદાએ તમને જન્મ આપ્યો છે તેને તમે યાદ નથી કરતાં ? મેં કહ્યું : તેને કેવી રીતે યાદ કરૂં ? તેમણે કહ્યું કે "જ્યારે રાત્રે તમે પથારીમાં સૂઈ જાવ ત્યારે માત્ર જીભ થકી નહીં, મનના ઉંડાણમાંથી ત્રણ વખત કહો - ખુદા મારી સાથે છે, તે મને જોઈ રહ્યો છે. હું તેની દૃષ્ટિ સમજું છું." હું કેટલીક રાત્રીઓ સુધી આ વાતનું રટણ કરતો રહ્યો. થોડીક રાત્રીઓ પસાર થઈ ગઈ પછી મને મારા પિતાએ કહ્યું - "હવે આ વાતને સાત વખત દોહરાવતાં રહો" મેં તે પ્રમાણે કરવાનું શરૂ કર્યું. આ વાતની મધુરતા ધીમે ધીમે મારા મનમાં સમાવવા લાગી. એક વરસ પછી તેમણે કહ્યું : મેં તમને જે વાત કહી છે તે જ્યાં સુધી કબરમાં ના ચાલ્યા જાવ ત્યાં સુધી- એટલે કે આખી જીંદગી સુધી દરરોજ દોહરાવતા રહેજો. આ ઝિક્ર તમને આ જગતની મુશ્કેલીઓ અને આખેરતની તકલીફોથી મુક્તિ અપાવશે. આવી રીતે ઈમાનનો પ્રકાશ મારા મનમાં બાળપણથી જ સમાઈ ગયો અને મારા સમસ્ત અસ્તિત્વ ઉપર છવાઈ ગયો.

E-mail : hadimasik@yahoo.com

પયગંબર સાહેબ અને વચન પાલન

વચન પાલન એ ઉન્નત માનવ સમાજના ઉત્કૃષ્ટ સાંસ્કૃતિક મૂલ્યો પૈકી સૌથી વધુ મહામુલું છે. વર્તમાન સમયમાં રાજકારણના વધતા જતા અપરાધીકરણને કારણે મિથ્યાચારી અને મિથ્યાભાસી મિનિસ્ટરોને લીધે ભલે તેનું મહત્વ ઘટતું જતું હોય પરંતુ એનો મહિમા હજી ઘટ્યો નથી. માનવ સમાજનો સાંસ્કૃતિક વારસો અને માનવધર્મ જ્યાં લગી સુરક્ષિત છે અને રહેશે ત્યાં સુધી એનું મહાત્મય પણ અકબંધ જળવાઈ રહેશે એવો આશાવાદ આ તબક્કે અસ્થાને તો નથી જ કારણ કે માનવ સમાજના લગભગ બધાજ ધર્મગ્રંથોમાં વચન પાલનનો મહિમા જોવા મળે છે અને આજે પણ ઈશ્વર, અલ્લાહ કે સત્યને પામવાના મહત્વાકાંક્ષીઓ એનું પાલન કરવામાં પોતાનું અહોભાગ્ય માને છે.

ઈસ્લામ ધર્મના આકાશી ગ્રંથ પવિત્ર કુર્આનમાં પણ વચન પાલનનો મહિમા આ રીતે વર્ણવવામાં આવ્યો છે :

'હે ઈમાનવાળાઓ ! તો પૂરા કરો તમારા વચનોને'

અર્થાત જે કોઈ વ્યક્તિને જે કંઈ વચન આપો તેનું પાલન કરો.

સત્યનું આહ્વાન આપનાર ઈસ્લામના પયગંબર (સ.અ.વ.) સાહેબે પણ પોતાના આચરણ દ્વારા આનાં અનેક ઉમદા ઉદાહરણો

E-mail : hadimasik@yahoo.com

પૂરા પાડ્યા હતા. જે પૈકી માત્ર એક પ્રસંગની યાદ અત્રે તાજી કરીએ જેથી આપણે પણ વચન પાલનના મહિમાને આત્મસાત કરી વચન પાલનના ઉમદા ઉદાહરણો પૂરા પાડી ઉન્નત માનવ સમાજમાં સર્વોન્નત સ્થાન પામી શકીએ.

એક વખતની વાત છે કે અબ્દુલ્લાહ ઈબ્ને હૈસમા નામની એક વ્યક્તિએ માર્ગમાં ઈસ્લામના છેલ્લા પયગંબર (સ.અ.વ.) સાહેબને મળીને થોડીક ઔપચારિક વાતચીત કરી પછી તેમણે પયગંબર સાહેબને ત્યાં જ ઉભા રહેવાની વિનંતી કરતા કહ્યું કે 'હું મારૂં એક કામ પતાવી થોડીક જ વારમાં પાછો ફરીશ'. પયગંબર સાહેબે એમને વચન આપ્યું કે હું અહીં જ ઊભો રહીશ. એ તો પયગંબર સાહેબને ઊભા રાખી જતા રહ્યા, પછી પોતાના કામમાં એવા મશગુલ થયા કે તેમને એ વાતનો સહેજેય ખ્યાલ ન રહ્યો કે પયગંબર સાહેબને ક્યાંક થોભાવીને આવ્યો છું. ત્રણ દિવસ પછી એકાએક એમને યાદ આવ્યું અને દોડીને ત્યાં પહોંચ્યા તો જોયું કે પયગંબર સાહેબ એમની વાટ જોતા એ જ સ્થાને ઉભા છે. આ જોઈને તેઓને ખૂબ આશ્ચર્ય થયું અને તેઓ શરમથી ઝંખવાણા પડી ગયા. ત્રણ દિવસના સમયગાળા દરમ્યાન અનેક સહાબીઓ પયગંબર સાહેબની સેવામાં આવ્યા અને તેમને ત્યાંથી ચાલવા કહેલું. તેમ છતાં આપે પોતાનું વચન પાળવાની ચિંતામાં કોઈની વાત સ્વીકારી ન હતી. કેટલીક રિવાયતોમાં તો એમ પણ લખ્યું છે કે ત્યાં ઊભા ઊભા પયગંબર સાહેબના પગે સોજો આવી ગયો હતો છતાં તેની કશીજ ચિંતા કર્યા વિના તેઓ ત્રણ દિવસ-રાત ત્યાં ઊભા રહ્યા અને આમ સમગ્ર માનવ સમાજ માટે વચન પાલનનું એક ઉમદા ઉદાહરણ પુરૂ પાડ્યું.

E-mail : hadimasik@yahoo.com

ખુદાની પ્રસન્નતા

એક વખત જનાબ મૂસા અ.સ. ખુદાવન્દે આલમને દુઆ કરી રહ્યાં હતાં. દુઆ દરમ્યાન જ જનાબ મૂસા અ.સ. એ ખુદાને અરજ ગુજારી કે "હે ખુદા ! આજે તો તું મને પોતાના સૌથી પ્રિય સેવક વિશે જણાવ જે તારી સૌથી વધારે (ઈબાદત) ભક્તિ કરતો હોય."

ખુદાવન્દે આલમે જનાબ મૂસા અ.સ. પર વહી ફરમાવી કે ફલાણાં ગામે જાવ, ત્યાં ફલાણી નદીની પાસે તે તમને મળી જશે.

જનાબ મૂસા અ.સ. ખુદાએ બતાવેલ નિશાનીઓ શોધતાં શોધતાં તે નદી પાસે પહોંચી ગયા. ત્યાં શોધખોળ કરતાં તેમણે એક એવો વ્યક્તિ જોયો જે ખૂબ બીમાર હતો અને તે સ્થિતિમાં જ તે અલ્લાહની તસ્બીહ અને ઈબાદત (ભક્તિ) કરી રહ્યો હતો.

જનાબ મૂસા અ.સ. એ ખુદાના ફરિશ્તા જિબ્રઈલ અ.સ. ને પુછયું - "એ વ્યક્તિ કે જેની જાણકારી મને ખુદાવન્દે આલમે આપી તે કોણ છે ?" જિબ્રઈલ અ.સ. એ ફરમાવ્યું : "તે આ વ્યક્તિ જ છે મૂસા અ.સ. !"

મૂસા અ.સ.એ ફરમાવ્યું "હું તો વિચારતો હતો કે તે વ્યક્તિ તો હંમેશાં નમાઝ રોઝામાં જ રત રહેતો હશે." જિબ્રઈલ

E-mail : hadimasik@yahoo.com

અ.સ.એ કહ્યું "આ વ્યકિત તો ખુદાની બારગાહમાં એવી વ્યક્તિ કરતાં પણ વધારે પ્રિય છે જે હંમેશાં નમાઝ-રોઝામાં જ મશગૂલ રહેતો હોય- જુઓ, હમણાં હું આજ્ઞા આપું છું કે તે આંધળો થઈ જાય - પછી જુઓ તે શું કરે છે?" તે પછી જિબ્રઈલ અ.સ. એ ઈશારો કર્યો અને તેને આંધળો કરી દીધો અને તેના બંને ડોળા આંખોની જગ્યામાંથી નીકળીને તેના ગાલ ઉપર લબડી પડ્યાં. તે જોઈને જનાબ મૂસા ન કેવળ બેચેન થઈ ગયા પરંતુ તેઓ સખ્ત દુઃખી પણ થઈ ગયા. પરંતુ તેમણે જોયું કે આંખો બહાર નીકળી આવી હોવા છતાં તે વ્યક્તિ કહી રહ્યો છે કે : હે મને અસંખ્ય સારી વસ્તુઓ આપનાર ! જ્યારે ઈચ્છયું ત્યારે તેં મને બે આંખોની નેઅમત આપી હતી અને જ્યારે તે ઈચ્છયું ત્યારે તે નેઅમત મારી પાસેથી લઈ લીધી. (હું તો દરેક પરિસ્થિતિમાં તારાથી રાજી છું.)

મૂસા અ.સ. એ તે વ્યક્તિને ફરમાવ્યું "મારી દુઆ કબૂલ થઈ જાય છે. તું કહે તો હું તારા માટે દુઆ કરૂં કે તારી દૃષ્ટિ તને પાછી મળી જાય અને તારી તમામ બીમારીઓ પણ દૂર થઈ જાય."

પેલા વ્યક્તિએ જવાબ આપ્યો, "તમે મને જે ઓફર કરી છે તે પૈકી કોઈ બાબતની મને તમન્ના નથી પરંતુ જે વસ્તુ (પરિસ્થિતિ)

ખુદાવન્દે આલમે મારા માટે નક્કી કરી છે તેજ મારા માટે મારી ઈચ્છા કરતા સારી છે. હું તે વસ્તુ (પરિસ્થિતિ) ચાહું છું. ”

જનાબ મૂસાએ કહ્યું : “હે ખુદાના બંદા ! તું ખુદાની બારગાહમાં હમણાં અરજ કરી રહ્યો હતો કે “હે અસંખ્ય સારી વસ્તુઓ આપનાર ! હે અતા કરનાર!! તો બતાવ કે ખુદાએ તને કઈ સારી વસ્તુ કે કઈ બક્ષિસ આપી છે ?”

તેણે જવાબ આપ્યો : “આ બક્ષિસ જ મારા માટે ઘણી મોટી બક્ષિસ છે કે આ શહેરમાં મારા સિવાય બીજો કોઈ ખુદાની ઈબાદત નથી કરતો.”

છેવટે જનાબ મૂસા અ.સ. ત્યાંથી આશ્ચર્ય વ્યક્ત કરતાં ચાલી નીકળ્યા અને કહેવા લાગ્યા “ખરેખર આ બંદો જ જગતમાં સૌથી વધારે ઈબાદત કરવાવાળો છે.”

વહાલા વાચક મિત્રો ! આ પ્રસંગમાંથી આપણે ઘણાં બોધપાઠ લઈ શકીએ તેમ છીએ અને તેમાંથી એક મહત્વનો બોધ એ છે કે હંમેશા ખુદાવન્દે આલમ ઉપર જ ભરોસો રાખવો જોઈએ અને તે આપણને જે સ્થિતિમાં રાખે તે સ્થિતિમાં રાજીખુશીથી રહેવું જોઈએ, તેમાં જ બંને લોકની સફળતા છે.

E-mail : hadimasik@yahoo.com

હસો અને હસાવો

ટુચકાઓ

અમેરીકામાં એક વકીલ એક એવા વ્યક્તિના બચાવનો કેસ લડી રહ્યો હતો જેના ઉપર ૫૦ લાખ ડોલરની ચોરીનો આરોપ હતો.

પોતાની દલીલોમાં તેણે ન્યાયાધીશને કહ્યું : "નામદાર ! હું સાબિત કરી શકું છું કે આ વ્યક્તિએ ૫૦ લાખ ડોલર ચોર્યા નથી."

જો તેની પાસે આટલી મોટી રકમ હોત તો શું તેણે મારા જેવા બુધ્ધુ વકીલને રોક્યો હોત !

એક બાળક પોળમાં રમતો હતો ત્યારે સામેના મકાનમાંથી એક કુતરો નીકળ્યો અને તેના પગ ચાટવા લાગ્યો. બાળક રડતાં રડતાં ઘરમાં ઘુસી ગયો. માં એ પુછ્યું "કેમ રડે છે ?" પાડોશીના કુતરાએ કરડી તો નથી લીધું ને ?

બાળકે કહ્યું : "આજે તો ફક્ત ચાખીને ચાલ્યો ગયો છે, કરડવા તો કાલે આવશે !!! "

ટ્રાફિક પોલીસે એક નાની કાર આવતી જોઈ અને નવાઈ પમાડે એવી વાત એ હતી કે થોડી થોડી વારમાં તે કાર ઉપર ઉચકાઈ જતી હતી.

પોલીસે તે કાર રોકાવી તો જોયું કે તે કાર એક ખુબ જાડીયો વ્યક્તિ ચલાવતો હતો.

તેણે પુછ્યું : "કારમાં શું ખરાબી છે ? " પેલા જાડીયા ડ્રાઈવરે કહ્યું : " કારમાં તો કોઈ ખરાબી નથી પરંતુ મને પોતાને જ હેડકી આવે છે."



નબી સ.અ.વ.ના ખલીફાઓ

રસૂલે અકરમ સ.અ.વ. : "મારા ખલીફાઓ-અવલિયા અને મારા પછી સમગ્ર સૃષ્ટિ ઉપર ખુદાની હુજ્જત (દલીલ) બાર વ્યક્તિઓ હશે. પહેલો મારો ભાઈ અને છેલ્લો મારો ફરઝન્દ (સંતાન) " પુછવામાં આવ્યું કે આ ભાઈ કોણ છે? ત્યારે ફરમાવ્યું "અલી અ.સ.-બિન-અબી તાલિબ" અને ફરઝન્દ કોણ છે ? તો ફરમાવ્યું "એ મહદી- જે અત્યાચાર અને અન્યાયથી ભરેલા જગતને ન્યાય અને ઈન્સાફથી ભરી દેશે." (કમાલુદ્દીન પ્રકરણ-૨૭ પા. ૨૮૦= અબ્દુલ્લાહ-બિન-અબ્બાસ કૃત ફરાએદદુસ્સમતૈન- ભા-૨ - પા. ૩૧૨ - ૫૬૨)

ઈમામ અલી અ.સ. હઝરત મહદી અજ. ની પ્રશંસા કરતાં ફરમાવે છે કે "તે હિકમતના કવચથી સુસજ્જિત હશે અને તેના તમામ ધારાધોરણ પર અમલ કરનારો હશે અને તેની બાબતે કાળજી લેનાર પણ હશે અને તેની જાણકારી પણ રાખનારો હશે. અને તેના માટે તે હંમેશા તત્પર રહેશે. જાણે કે (તે) તેની ખોવાઈ ગયેલી વસ્તુ હોય જેની શોધળોખ ચાલુ છે અને (તે) એક જરૂરિયાત છે જેને મેળવવા તે પ્રયત્નશીલ છે. તે એવે સમયે પરદેશી અને મુસાફર થઈ જશે, જ્યારે

E-mail : hadimasik@yahoo.com

ઈસ્લામ નિર્વાસિત હશે અને થાકેલા ઉંટની જેમ છાતી ભોંયસરસી ચોંટાડી દીધેલ હશે અને અંતિમ શ્વાસ લેતો હશે, તે અલ્લાહની બાકી રહેલી હુજ્જતો (દલીલો)નો વારસ છે અને તેના અંબિયાઓના ખલીફાઓમાંથી એક ખલીફા છે."

(નહજુલ-બલગાહ- પ્રવચન-૧૮૨)

અમીરૂલ મોએમેનીન અ.સ. આલેમુહમ્મદ સ.અ.વ. ની પ્રશંસા કરતા ફરમાવે છે કે "આ અઈમ્મએ તાહેરીન (પવિત્ર ઈમામો) છે અને માઅસૂમીનની ઈતરત છે. આજ આદરણીય ઝુર્રીયત છે. અને ખુલફાએ રાશેદીન છે (તારિક-બિન-શબાબ કૃત - મશારિકુલ અનવારૂલ યકીન - પાન . ૧૧૮)

ઈમામ સાદિક અ.સ. : અઈમ્મા રસૂલે અકરમ સ.અ.વ.ના સ્થાને હોય છે. પરંતુ (તેઓ) રસૂલ નથી હોતા અને જે વસ્તુઓ (બાબતો) ફક્ત પયગમ્બર સ.અ.વ. ઉપર હલાલ હતી તે વસ્તુઓ (બાબતો) તેમના માટે હલાલ નથી. આ સિવાય તેઓ (અઈમ્મા) દરેક રીતે રસૂલે અકરમ સ.અ.વ.ના સ્થાને છે.

(મુહમ્મદ - બિન - મુસ્લિમકૃત કાફી - ભા - ૧ પાન નં. ૨૭૦)



કુરઆન : ઈમામ સજ્જાદ અ.સ.ની વાણીમાં

કુરઆન એક એવું બહુમુલ્ય અને મહાન પુસ્તક છે જે સંપૂર્ણ માનવજાતિ માટે આદર્શ અનુકરણીય છે અને જેનું અનુકરણ સાચો માર્ગ પામવાની જામીનગીરી છે.

અહલેબૈત અ.સ.નો આ મહાન પુસ્તક (કુરઆન) સાથે ખુબ જ ઘનિષ્ઠ સંબંધ છે અને કુરઆનને સમજવા માટે અહલેબૈત અ.સ. નો સહારો લેવો આવશ્યક છે. આવો, આજે ઈમામ સજ્જાદ અ.સ.ની પવિત્ર વાણી દ્વારા કલામે પાકની મહાનતા અને તેના મહત્વને સમજીએ.

કુરઆનની મહાનતા :-

ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ. રસૂલે અકરમ સ.અ.વ.ના કથનને વર્ણવતાં જણાવે છે કે "જે વ્યક્તિને ખુદા - એ - તબારક - વ - તઆલાએ કુરઆનનું જ્ઞાન આપ્યું હોય તે વ્યક્તિ એમ વિચારે કે અલ્લાહે તેના કરતાં વધારે સારી ભેટ અન્ય કોઈને આપી છે તો તે મહાનને અધમ અને અધમને મહાન સમજે છે." (ઉસૂલે કાફી : ભા. ૨ પા. ૬૦૫)

E-mail : hadimasik@yahoo.com

કુરઆનની વિશેષતાઓ :-

ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ. પોતાની દુઆઓમાં કુરઆનની વિશેષતા આવી રીતે વર્ણવે છે :

(અ) હિદાયત (સત્યનું માર્ગદર્શન) નો પ્રકાશ : તે કુરઆનને પ્રકાશ બનાવ્યો છે. જેથી તેના અનુકરણથી અમે અજ્ઞાનતાના અંધકારથી છુટકારો મેળવી શકીએ.

(બ) રોગોની દવા : કુરઆન પાક વિશે એક સ્થળે આપે ફરમાવ્યું છે : કુરઆન એ વ્યક્તિ માટે સંપૂર્ણ રોગમુક્તિ (શિફા) છે જે તેને (કુરઆનને) સંપૂર્ણ શ્રધ્ધા અને વિશ્વાસ સાથે સમજવા માંગે છે અને તેને સાંભળવા માટે શાંત રહે છે.

કુરઆન સાથે પ્રેમ:-

ઝિબ્રીએ લખ્યું છે કે ઈમામ અલી-બિન-હુસૈન અ.સ.એ ફરમાવ્યું છે કે "પૂર્વ અને પશ્ચિમ વચ્ચેના બધા મનુષ્ય મૃત્યુ પામે (સમગ્ર માનવજાતિ મૃત્યુ પામે) અને હું એક માત્ર વ્યક્તિ જીવિત રહી જાઉં તો પણ કુરઆન મારા પડખે હશે (મારી સહાયતામાં હશે) તો મને લેશમાત્ર પણ ગભરામણ નહીં થાય."

કુરઆનમાં ચિંતન :-

ઝિબ્રીએ નોંધ્યું છે કે મેં ઈમામ અલી-બિન-હુસૈન અ.સ. પાસેથી એવું સાંભળ્યું છે કે કુરઆન એક ગુપ્ત ખજાનો છે. તેથી જ્યારે પણ એ ખજાનાના દ્વારને ઉઘાડવામાં આવે ત્યારે તેની ઉપર દૃષ્ટિપાત કરો (એટલે કે કુરઆનના વાંચન વખતે તેના અર્થ અંગે ચિંતન અને મનન કરતાં રહો.)

અબોલા પ્રાણી પ્રત્યે દયા

અગાઉ ક્યારેક એક રાજા થઈ ગયો. તેનું નામ સુબુક્તગીન હતું. તેને શિકારનો ખુબ શોખ હતો. એક દિવસ શિકાર માટે નીકળ્યો. આખો દિવસ જંગલમાં ભટકતો રહ્યો પરંતુ કોઈ શિકાર મળ્યો નહીં. જ્યારે સંધ્યા થઈ ગઈ અને તેણે પાછા ફરવાનો ઈરાદો કર્યો ત્યારે જ તેની દૃષ્ટિ એક હરણી અને તેના બચ્ચા પર પડી. જે નહેરમાં પાણી પી રહ્યા હતા. સુબુક્તગીન તેમને પકડવા આગળ વધ્યો તો તેઓ ભાગવા લાગ્યા. સુબુક્તગીને પણ પોતાના ઘોડાને તેમની પાછળ દોડાવી મુક્યો. હરણી તો ભાગી ગઈ પરંતુ તેનું બચ્ચું પાછળ રહી ગયું અને સુબુક્તગીને તેને પકડીને ઘોડા ઉપર નાંખીને

ઘોડા પર બેસીને ચાલવા લાગ્યો. હરણીએ જ્યારે જોયું કે તેનું બચ્ચું પકડાઈ ગયું છે તો તે પાછી ફરી અને ઘોડાની પાછળ દોડવાનું શરૂ કર્યું અને સાથે સાથે તે જોરથી અવાજ પણ કરતી હતી, જાણે તે પોતાના બચ્ચાને બોલાવતી હોય. સુબુકતગીને હરણીનો અવાજ સાંભળ્યો તો પાછા ફરીને જોયું. જ્યારે તેણે જોયું કે હરણી પોતાના પ્રાણની પરવા કર્યા વગર પોતાના બચ્ચાને બચાવવા પાછળ પાછળ આવે છે. પોતાના બચ્ચા ઉપર પોતાના પ્રાણ પણ ન્યોછાવર કરી દેવાની એક પ્રાણીની આ ભાવના જોઈ સુબુકતગીનનું હૃદય નરમ પડી ગયું. તેના મનમાં તરત જ એવો વિચાર આવ્યો કે તે એક બચ્ચાને તેની માંથી ઝુંટવી રહ્યો છે. તેણે હરણીના બચ્ચાને ત્યાં જ છોડી મુક્યું. બચ્ચું દોડીને માની પાસે પહોંચી ગયું. હરણીએ સુબુકતગીન તરફ એવી રીતે જોયું જાણે તે તેનો આભાર માનતી હોય. પછી તે બચ્ચાને લઈને જંગલમાં જતી રહી. હરણીના બચ્ચાંને છોડી મુકવાથી સુબુકતગીનના મનને આધ્યામિક શાંતિ મળી અને તેણે શિકાર કરવાથી તૌબા કરી લીધી.



વિશ્વની ૭ અજાયબીઓ

વહાલા બાળકો,
અહીં બતાવેલ ચિત્રો વિશ્વની સાત
અજાયબીઓમાં સ્થાન મેળવી ચુકેલ છે.

(૧) તાજમહલ (ભારત)

(૨) ચાઈના દિવાલ (ચીન)

(3) ઈસાનું સ્ટેચ્યુ (બ્રાઝીલ)

E-mail : hadimasik@yahoo.com

(૪) ખિલશાએ રોમ

(૫) બેત્શુ શહેર

(૬) બેતરા ઉડાન

(૭) એહરામ-એ-મેક્સીકો

નબી સ.અ.વ.ની વહાલી વાતો

(ગતાંકથી ચાલુ)

૧૨. બધાંનો પરવરદિગાર એક છે. બધાના પિતા એક છે. બધા હઝરત આદમના સંતાનો છે. અને તેમનું સર્જન માટીમાંથી થયેલું છે. તેથી અલ્લાહની સમક્ષ (અલ્લાહની દૃષ્ટિએ) તમારા પૈકી સૌથી વધુ ઉચ્ચ દરજ્જો ધરાવનાર અને આદરને પાત્ર એ વ્યક્તિ જ છે જે સૌથી વધારે પરહેઝગાર (સદ્ચરિત્રવાળો) હોય.

૧૩. જન્નત 'મા'ના પગ તળે છે.

૧૪. દુરાગ્રહ અને હઠથી દૂર રહો, કેમકે તેનો આરંભ મુર્ખાઈ છે અને તેનો અંત પસ્તાવો છે.

૧૫. લોકોમાં સૌથી ખરાબ એ વ્યક્તિ છે જે બીજાઓની ભૂલોને ક્ષમા ન કરે અને અન્યોના ગુનાઓને દરગુજર ન કરે અને તેનાથી પણ ખરાબ એ વ્યક્તિ છે જેના નુકસાનથી લોકો બચી શકે નહીં અને તેનાથી કોઈ ભલાઈ અને સદ્કાર્યની આશા સુધ્ધાં ન રાખે.

૧૬. જ્યારે કોઈ તમારી પ્રશંસા કરે તો ખુદાની બારગાહમાં કહો "હે ખુદા ! આ લોકો મારા માટે જે કાંઈ વિચારે છે મને તેનાથી સારો બનાવી દે અને મારી જે ખરાબ વાતો (ગુનાઓ) ને તેઓ જાણતા નથી, મારા તે ગુનાહોને માફ કરી દે, અને આ લોકો જે કાંઈ કહે છે તે વિશે (કયામતના દિવસે) મારી પૃચ્છા કરતો નહીં."

૧૭. ખુશામદ કરનારને મોઢે માટી નાંખી દો.

પત્રાવલી

વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !



મિઠવાણી સજ્જાદ રઝા હબીબઅલી
સુલેમાન ખાકુ પાર્ક, રાજુલા.





શકીલ અબ્બાસ
જીવાબાવાનો ચોક, રાજૂલા સીટી.



ભોજાણી મકસદ રઝા સાદીકઅલી
હાજી નાજી બોર્ડિંગ, ભાવનગર.

વિશ્વના ધર્મો અને પડદો

તમામ ઈલાહી ધર્મોમાં સ્ત્રીઓના પરદાની આજ્ઞા છે કે જે માનવ પ્રકૃતિને અનુરૂપ છે.

દા.ત. કુરઆને કરીમમાં હઝરત આદમ અ.સ. અને જનાબ હવ્વાની દાસ્તાન આવી રીતે વર્ણવવામાં આવી છે :

"જ્યારે હઝરત આદમ અને હવ્વાએ પ્રતિબંધિત ઝાડ ઉપરથી (ફળ) ચાખ્યું તો તેઓએ પોતાનો પડદો ગુમાવી દીધો. (તેમનો પડદો તેમની પાસેથી ઝુંટવી લેવામાં આવ્યો, તેઓ નગ્ન થઈ ગયા તો તેમણે) તરત જ ઝાંડના પાંદડાઓ વડે પડદાની વ્યવસ્થા કરી."

પડદો અને ખ્રિસ્તી ધર્મ : જર્જીઝેદાન નામના એક ખ્રિસ્તી ચિંતક લખે છે કે "જો પડદાનો અર્થ ફક્ત "દેખીતી રીતે શરીરને સંતાડવું"એવો કરવામાં આવે તો ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મના પહેલાથી પણ આવો પડદો પ્રચલિત હતો.

પડદો અને ઈન્જીલ (બાઈબલ) : "અને સન્નારીઓ માટે જરૂરી છે કે તેઓ ઝવેરાત અને કીંમતી વસ્ત્રોને બદલે લજ્જા અને ઈશ્વર પરાયણતા (તકવા) ના વસ્ત્રોથી પોતાને શણગારે. નેક સન્નારી એજ છે જે સદ્કાર્યોની બાબતે ધર્મનિષ્ઠા હોવાનો દાવો કરે.

પારસી ધર્મ અને પડદો : આ ધર્મનો એક ઉપદેશક પોતાના સંબોધનમાં કહે છે "હે નવજીવનનો પ્રારંભ કરવાવાળાઓ ! (નવદંપત્તિ) મારી વાતો ધ્યાનથી સાંભળો અને તે પ્રમાણે વર્તો. લજ્જા અને પવિત્રતાથી જીવન વિતાવો. તમારામાં દરેક પ્રેમ-સત્યપ્રિયતા અને સદ્ચારિત્રમાં એક બીજાથી આગળ વધવાનો પ્રયત્ન કરે જેથી કરીને

(તમારું) પવિત્ર દાંપત્યજીવન પ્રસન્નતાથી પસાર થાય.

પડદો અને ઈસ્લામની શરીઅત : ઈસ્લામ કે જે અંતિમ ઈલાહી કાયદો અને સંપૂર્ણ ધર્મ છે અને સંપૂર્ણ માનવ જાતિ માટે અને શાશ્વત કામ માટે ખુદાની તરફથી આવ્યો છે તે 'વસ્ત્રો'ને 'અલ્લાહ તરફની ભેટ' (હદીયએ ઈલાહી) તરીકે વર્ણવે છે. અને કલામે પાકની અસંખ્ય અગત્યની અને શરીઅતની આજ્ઞાઓ (અહકામ) માં તેનું વર્ણન મળે છે. દા.ત. સૂરએ નૂરની આયત નંબર ૨૧ માં આવ્યું છે કે "હે પયગમ્બર (સ.અ.વ.) આપ મોમિન સ્ત્રીઓને કહી દો કે તેઓ પણ પોતાની દૃષ્ટિ નીચે રાખે અને પોતાની પવિત્રતાની રક્ષા કરે..... અને પોતાના ઓઢણાંને પોતાના ગરેબાન (ગરદન-કાંઠલા) ઉપર રાખો." તેવી જ રીતે સૂરએ અહઝાબ આયત ૫૯ માં ફરમાવ્યું છે કે "(હે પયગમ્બર સ.અ.વ.) આપ પોતાની પત્નીઓ-દીકરાઓ અને મોઅમેનીનની સ્ત્રીઓને કહી દો કે પોતાની ચાદરો (મોટું-પહોળું ઓઢણું) ને (બહાર નીકળતી વખતે) પોતાની ઉપર નાંખી રાખે. આ પધ્ધતિ તેમની ઓળખ અથવા સદ્ ચારિત્ર્ય (શરાફત)ને પ્રદર્શિત કરે છે અને આ રીતે તેમની સતામણી થશે નહીં અને અલ્લાહ મોટો ક્ષમા આપનાર અને દયાળુ છે."

આર્ટ ગેલેરી

વહાલા બાળકો, અહીં આપેલ ચિત્રમાં કુરઆનનો સૂરો (સૂરઃ નાસ)ને ચિત્ર દ્વારા દર્શાવવામાં આવેલ છે, હવે તમે તેની અંદર સુંદર મજાના મનગમતા રંગ પૂરો જેથી આખુ ચિત્ર ખૂબ જ સુંદર લાગશે.

بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ

ناس

સૂરએ નાસ

قُلْ أَعُوذُ بِرَبِّ النَّاسِ ﴿١﴾

અય રસૂલ ! કહો કે હું માણસોના પરવરદિગારની પનાહ માંગું છું.

مَلِكِ النَّاسِ ﴿٢﴾

માણસોના બાદશાહની,

E-mail : hadimasik@yahoo.com

إِلَٰهِ ٱلنَّاسِ ﴿٣﴾

માણસોના માઅબૂદની,

مِن شَرِّ ٱلْوَسْوَاسِ ٱلْخَنَّاسِ ﴿٤﴾

તે શયતાનના વસવસાની બદીથી બચવા માટે,

ٱلَّذِى يُوَسْوِسُ فِى صُدُورِ ٱلنَّاسِ ٥

કે જે લોકોના મનમાં વસવસા નાખ્યા કરે છે,

مِنَ ٱلْجِنَّةِ وَٱلنَّاسِ ٦

પછી તે જીન્નાતોમાંનો હોય અથવા ઈન્સાનોમાંનો.

E-mail : hadimasik@yahoo.com

બાળકોની ડાયરી

વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !



સાહિલ કે. પટેલ
મુસ્લીમ સોસાયટી, સોહેલપાર્ક, ભરૂચ.



નકવી મોહમ્મદ હમ્ઝા આસીક અબ્બાસ
સાદાત કોલોની, ગુલમહોર સોસાયટી, વટવા, અમદાવાદ.

રસભર્યા અકીલ અબ્બાસ એમ.
ગામ : વિજપડી.



રસભર્યા અલીરઝા એ.
ગામ : વિજપડી.

અણમોલ મોતી

★ **નિશાનીઓ :-** અને તેઓ કહે છે કે આ વ્યક્તિ (રસૂલ) ઉપર તેના પરવરદિગાર તરફથી (મોઅજીઝા સ્વરૂપે) નિશાની કેમ ઉતારવામાં આવી નથી ? તો (હે રસૂલ) તમે કહી દો કે નિશાનીઓ (મોકલવાનો અધિકાર) તો માત્ર અલ્લાહની પાસે છે. અને હું તો માત્ર એક ખુલ્લી રીતે ચેતવણી આપનાર છું. (સૂરએ અન્કબૂત (૨૯) આયત ૫૦)

★ **નમાઝ અને અલ્લાહનો ઝિક્ર (યાદ) :**

હે નબી ! આપની તરફ કિતાબ (કુરઆન) માં જે વહી કરવામાં આવી છે તેનો પાઠ (તિલાવત) કર્યા કરો અને નમાઝ કાયમ કરો. નિસંશય નમાઝ નિર્લજ્જપણાં અને ખરાબ કાર્યોથી બચાવે છે અને અલ્લાહનો ઝિક્ર (યાદ)તો (ખરેખર) સૌથી મોટી વસ્તુ છે. અને તમે લોકો જે કાંઈ (કાર્યો) કરો છો તેને અલ્લાહ સારી પેઠે જાણે છે. (સૂરએ-અન્કબૂત-(૨૯) આયત-૪૫)

★ **જ્ઞાન ધરાવનાર લોકો :**

તેઓ અલ્લાહ સિવાય (અન્ય) જે વસ્તુને (સહાયતા માટે) પોકારે છે, નિસંશય અલ્લાહ તેને સારી પેઠે જાણે છે અને તે જબરદસ્ત હિકમતવાળો છે. (૪૨) અને આ દૃષ્ટાંતો અમે લોકો (ના બોધ) માટે વર્ણવીએ છીએ અને જ્ઞાની લોકો સિવાય તેને કોઈ સમજી શકતું નથી. (૪૩)

અલ્લાહે આકાશો અને પૃથ્વીઓ (ઝમીનો) ને સત્ય હેતુસર બનાવ્યા છે. બેશક તેમાં ઈમાન લાવનારાઓ માટે એક નિશાની છે. (૪૪) (સૂરએ-અન્કબૂત (૨૯) આયત-૪૨ થી ૪૪)

પયગમ્બર સ.અ.વ.નો કૃપાળુ સ્વભાવ

રસૂલે અકરમ સ.અ.વ. ઈસ્લામની મિલ્લતની રાહબરી અને ખુદાનો સંદેશો માનવજાત સુધી પહોંચાડવાના કાર્ય માટે નિયુક્ત થયેલા હતા. તેથી આપ સ.અ.વ.ને જુદા જુદા પ્રકારના લોકો અને કોમો સાથે મળવું પડતું હતું. અને તેમને "એકેશ્વરવાદ" (તવહીદ) પ્રત્યે આકર્ષિત કરવાનું સૌથી મોટું કારણ બધાની સાથે આપનો નેકીભર્યો વર્તાવ હતો.

લોકો સાથે સંબંધો કેળવવા-જાળવવા અને હળવા મળવાના વિષય અંગે આપ સ.અ.વ. એ ઘણી હદીસો ફરમાવી છે. પરંતુ આપ સ.અ.વ.ની સાચી મહાનતા પ્રત્યે જે વસ્તુ લોકોને સૌથી વધુ આકર્ષિત કરે છે તે લોકો સાથે હળવા-મળવામાં, સંબંધોને જાળવવામાં આપનો નેક વર્તાવ અને આપનું પવિત્ર ચારિત્ર્ય છે.

એ ચારિત્ર્ય કે જેનું ઉદ્‌ગમસ્થાન વહી અને અલ્લાહની રેહમત છે તે સત્ય સાધકોની આત્માના ઉંડાણમાં ઉતરી જાય છે. એ ચારિત્ર્ય કે જે સદગુણોના સર્વમાન્ય નૈતિક મુલ્યોની એક શૃંખલામાંથી ઉદ્‌ભવેલ હતુ તે આપ સ.અ.વ. ની આત્મામાં ઘર કરી ગયેલ હતું અને તેવું ચારિત્ર્ય જ આપ સ.અ.વ.ના આખા જીવન કાળ દરમ્યાન દૃષ્ટિગોચર થતુ રહ્યું હતું.

અને આ વસ્તુ જ કુરઆને મજીદમાં ખુદા ત.વ.ત. ફરમાવે છે.

"લકુમફી રસૂલિલ્લાહે ઉસ્વતુન હસ્નાહ"

અર્થાત્ : તમારા માટે પયગમ્બરે ખુદા સ.અ.વ. માં ઉસ્વએ હસ્નાહ છે.

તે કારણે જ આપ સ.અ.વ.નો કૃપાળુ સ્વભાવ અને ચારિત્ર્ય આપણા માટે આદર્શ અને અનુકરણીય છે.

(સીરતે નબવી-ઉસ્તાદ મુતહરી પા. ૩૪)

E-mail : hadimasik@yahoo.com

વિશ્વની જાણકારી

સૌથી ઉંચું સુંદર ઝાડ



મણીપૂર રાજ્યનો એક વ્યક્તિ એક વૃક્ષને સને ૧૯૮૩ થી સુંદર રીતે કાપી રહ્યો છે. આજે આ વૃક્ષ આ પ્રકારનું દુન્યાનું સૌથી ઉંચું વૃક્ષ છે. આ વ્યક્તિએ આ વૃક્ષ 'જન્નતની વાડી' નામના પોતાના બગીચામાં ઉગાડ્યું છે. આ વૃક્ષ હવે ૧૮.૩૯ મીટર (૬૦ ફૂટ ૧૧.૯ ઈંચ) ઉંચું થઈ ચુક્યું છે. આ માટે બનાવેલી ખાસ સીડીની મદદથી તેણે આ વૃક્ષ ઉપર ૪૧ સુંદર ડિઝાઈનો બનાવી છે. જેમાં એક છત્રી જેવી અને બે રકાબીઓ જેવી ડિઝાઈનો છે. તેને પહેલા એવું કહેવામાં આવ્યું હતું કે આ વૃક્ષ ૬ મીટર (૨૦ ફુટ)થી ઉંચું નહીં થાય. પરંતુ તેણે પોતાની મહેનત અને સાચી લગનથી આ વિક્રમ પોતાના નામે નોંધાવી દીધેલ છે.

જગતનો સૌથી ઝડપી ધાવક

જમાઈકાના ઓસેન બોલ્ટ એ ૧૦૦ મીટરની દોડ ફક્ત ૯.૭૨ સેકન્ડમાં પૂરી કરી હતી. જમાઈકાના આ રમતવીરે આ પહેલા પણ કેટલાંય વિક્રમો નોંધાવ્યા છે. ઓસેન બોલ્ટે આ વિક્રમ "યબકગ્રાવરી"માં નોંધાવ્યો હતો. ૩૧-મે ૨૦૦૮ના દિવસે ઓસેન બોલ્ટ એ ન્યુયોર્કના અકાહન સ્ટેડિયમમાં સૌથી ઝડપી દોડ લગાવી હતી અને બોલ્ટે પોતાના દેશના અસાફલ પોવેલના વિક્રમને .૦૦૨ સેકન્ડથી તોડીને તે જગતનો સૌથી ઝડપી ધાવક બની ગયો હતો.



માં કરતા પણ વધારે દયાળુ

આપ સ.અ.વ. એક એવી સ્ત્રી પાસેથી પસાર થયા જે પોતાના ખોળામાં બાળકને લઈને સગડી ઉપર ભોજન રાંધી રહી હતી. તેણે આપ સ.અ.વ.ને જોયાં કે તરત જ પુછ્યું કે : "હે અલ્લાહના નબી સ.અ.વ. મેં સંભાળ્યું છે કે માં પોતાના બાળક પ્રત્યે જેટલી દયાળુ હોય છે. અલ્લાહ પોતાના બંદા પ્રત્યે તેના કરતા પણ વધારે દયાળુ હોય છે. હે અલ્લાહના નબી સ.અ.વ. શું આ સત્ય છે ? " આપ સ.અ.વ.એ ફરમાવ્યું : "હા ! આ સત્ય છે." તે સ્ત્રીએ અરજ કરી "પરંતુ માં તો પોતાના બાળકને કદી આ દુન્યવી ભઠ્ઠીની આગમાં નથી નાંખતી. તો પછી ખુદા કે જે વધારે દયાળુ છે તે પોતાના બંદાઓને જહન્નમમાં કેવી રીતે નાંખશે ?

આ સાંભળીને અલ્લાહના રસૂલ સ.અ.વ.ની આંખોમાંથી અશ્રુઓની ધારા વહેવા લાગી અને ફરમાવ્યું : "નિસંશય ! અલ્લાહ પોતાના બંદાને જહન્નમમાં નાંખશે નહીં સિવાય એ કે જેણે "લાઈલાહા ઈલ્લલ્લાહ" કહેવાનો ઈન્કાર કર્યો હોય અને જેણે ખુદાની સામે અભિમાન કર્યું હોય.

(કસસે ખુદા : દાસ્તાન હાય-અઝ-ખુદા પા. ૮૨)

'હાદી' માસિકના વાચકોને નમ્ર અપીલ

'હાદી' માસિકના ટુરીંગ એજન્ટ જ. શબ્બીરઅલી હુસેનઅલી પ્રમાણી તા. ૮ માર્ચથી ૩૧ માર્ચ દરમિયાન આપની પાસે બાકી નીકળતું જૂનું તથા નવું લવાજમ લેવા માટે આવશે, દરેક સભ્ય તથા એજન્ટ મિત્રોએ તેમને સહકાર આપવા વિનંતી.

- તંત્રી

"હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

અમદાવાદ	:	(૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬
		(૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮
		(૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪
ભાવનગર	:	મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪
મહુવા	:	(૧) અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૯૬૯૪૨
		(૨) ભંભેરા મોહમ્મદ હુસૈન જાફરઅલી ફોન : ૯૪૨૮૧૨૩૨૩૩
કાણોદર	:	નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧
ભરૂચ	:	જાવેદભાઈ ડોસાણી
સેલવાસા	:	ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮
ધોળકા	:	કમરઅલીભાઈ મોમીન
ડેડીયાપાડા	:	રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧
તળાજા	:	મોહસીન અલી જી.ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦
રાજૂલા	:	મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦
સિહોર	:	હસનઅલી વજીરઅલી વસાયા ફોન : ૯૮૭૯૯૬૯૮૬૮
મુંબઈ	:	અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮

ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨

નોંધ : સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.

E-mail : hadimasik@yahoo.com

HADI MASIK

: Publishers :

Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612

E-mail : hadimasik@yahoo.com

Website : www.hadikids.org

Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474